INDIA'S FIRST World Heritage City AMDAVAD GUJARAT, INDIA | Vibrant GUJARAT 10-12 Jan 2024 Gateway to the Future | 10th Global Summit | CELEBRATING 20 Years of VIBRANT GUJARAT | AMDAVAD MUNICIPAL CORPORATION અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉદ્યોગ સ્વાશ્રય સેવા અ. મ્યુ. કો.

# BOOKFAIR BULLETIN

8/1/2024

DAY 3

9th Vibrant AMDAVAD NATIONAL BOOK FAIR
6th to 12th Jan. 2024
GMDC GROUND

# પુસ્તક એટલે સ્વર્ગમાંથી આવતા છેલ્લામાં છેલ્લા સમાચાર...



તારીખ ૦૮-૦૧-૨૦૨૪ સોમવારના રોજ ૯મો વાઇબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેરની મુલાકાત વિવિધ શાળા કોલેજોના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકો દ્વારા લેવામાં આવી હતી. કુલ મુલાકાતીઓની સંખ્યા અંદાજિત ૧૨,૦૦૦ જેટલી હતી. આજ જ્ઞાનગંગા અંતર્ગત 'ફિલ્મ સ્ક્રિપ્ટ રાઇટિંગ', ગુજરાતી ક્લાસિકમાં 'પન્નાલાલ પટેલની જાણીતી કથા માનવીની ભવાઈ'ની ચર્ચા. ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં 1. For the sake of ava-Iran, 2. The winner-Iran, Maashi-Marathi ફિલ્મો બતાવવામાં આવી અને ત્રિવેણી કાર્યક્રમ હેઠળ 'કવિ સંમેલન'નું આયોજન થયું હતું.




સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક પન્નાલાલ પટેલની જાણીતી નવલકથા 'માનવીની ભવાઈ' વિશે ડૉ. અજયસિંહ ચૌહાણ અને ડૉ. દ્રષ્ટિબેન પટેલ (પન્નાલાલ પટેલનાં પુત્રવધુ તેમજ જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરીનાં પુત્રી) દ્વારા ગોષ્ઠી કરવામાં આવી હતી. 'હૈયાની ભૂખ'ની આ નવલકથા છે અને પેટની ભૂખના મહાતાંડવ વચ્ચે એને રજૂ કરવામાં આવી છે એ બંને ભૂખને લીધે તો આ માનવીની ભવાઈ છે.' ઉપમા, કહેવતો, લોકગીતો આદિ દ્વારા લેખક હળખેડુની સહજ સમૃદ્ધ રસિક ભાષાનો કથાની પાત્રસૃષ્ટિ દ્વારા આસ્વાદ કરાવે છે. 'માનવીની ભવાઈ' ભાષાનું ધન વધારનારો 'સરસ્વતીચન્દ્ર' પછીનો મહાગ્રંથ છે. છપ્પનિયા દુષ્કાળનું અદભુત અને આબેહુબ આલેખન આ નવલકથામાં છે. એક અભ્યાસ એવો પણ થયેલો છે કે' માનવીની ભવાઈ' નવલકથામાં કેટલા તળપદા શબ્દો પ્રયોજવામાં આવ્યા છે. પન્નાલાલ પટેલનાં વિશાળ લેખન સાહિત્યમાં જોવા જતાં આવાં અનેક અભ્યાસો થઈ શકે તેમ છે. તેમણે આગળ કહ્યું કે "આ નેશનલ બુક ફેરમાં તેમનો એક સ્ટોલ છે, જ્યાંથી બે દિવસમાં "માનવીની ભવાઈ"ની ઓછામાં ઓછી ૧૦૦ નકલો ખરીદવામાં આવી છે".






'Author's Corner'નું આયોજન આજે ૪.૦૦ થી ૫:૦૦ કલાકે કરવામાં આવ્યું. વિશાલ પીઠળિયા અને પુરવાંગી ત્રિવેદી દ્વારા નવોદિત લેખનના અનુભવો અને વાંચન-લેખનનો શોખ કેળવવાની નીતિ-રીતિની ચાવીઓ આપવામાં આવી હતી. લેખ પ્રકાશિત કરવાથી માંડીને પુસ્તક પ્રકાશિત કરવા સુધીની પ્રક્રિયા વ્યકત કરી હતી.



અત્યારે અર્બન ગુજરાતી ફિલ્મોનો યુગ ચાલી રહ્યો છે, એનું વ્યવસાયિક માર્કેટ પણ તેજીના ટકોરા મારી રહ્યું છે અને ગુજરાત સરકારની માતબર અને માનભેર સબસીડી પણ મળી રહી છે, ત્યારે અનેક યુવાનો ફિલ્મ સ્ક્રીપ્ટ રાઈટીંગ તરફ આકર્ષાયા છે અને એનું ભવિષ્ય પણ ઉજ્જવળ છે. ત્યારે પટકથાલેખનની તમામ પાસાઓની સમજ માટે જ્ઞાનગંગા વર્કશોપમાં જાણીતા ફિલ્મ સ્ક્રીપ્ટ રાઈટર અને ડિરેક્ટર શ્રી વિપુલ શર્માનો વર્કશોપ યોજાયો હતો. તેમણે 'SCRIPT' લેખનની શરૂઆત "Love is Blind" ફિલ્મથી કરી હતી જે ફિલ્મને 11 જેટલા રાજ્ય કક્ષાના પુરસ્કાર પણ પ્રાપ્ત થયા હતા. તેમણે 'રતનપુર', 'કેમ છો ?' અને 2023માં 'વર પધરાવો સાવધાન' જેવી ફિલ્મો લખી અને દિગ્દર્શિત કરી હતી. તેમણે પહેલો સવાલ કર્યો કે 'ફિલ્મ એટલે શું ?' જેના જવાબમાં પોતે જ કહ્યું કે "બધી કલાનું મિક્ષ્ચર એટલે ફિલ્મ મેકિંગ." ફિલ્મ સ્ટોરી કઈ રીતે શોધવી ?, તેને કાગળ પર કંઈ રીતે ઉતારવી ?, પાત્રાલેખનથી સંવાદ સુધીની સફરની વાત કરી હતી. કાગળ પર પહેલો અક્ષર પડે એ પહેલા તમારા મનમાં પટકથા લખાઈ જવી જોઈએ. આઈનસ્ટાઇનનું વિચારપ્રધાન વાક્યટાંકતા કહ્યું હતું કે "Imagination is More Important than Knowledge".

વિપુલ શર્માએ ઉદાહરણ આપતાં કહ્યું કે'હાલમાં ચર્ચાનું કેન્દ્ર બનેલી વિધુ વિનોદ ચોપડાની ફિલ્મ 12th ફેલની 'SCRIPT' 250 વખત લખાઈ પછી ફાઇનલ ડ્રાફ્ટ તૈયાર થયો હતો. આથી ફિલ્મ લખવા માટે પહેલા સખત પરિશ્રમ કરવો પડે.બાકી સ્ટોરી તો પાનના ગલ્લાવાળા પાસે પણ મળી જાય છે, પરંતુ તે ફિલ્મ લખી શકતો નથી, તેમજ સમય પણ તેવો અનુકૂળ પસંદ કરવો કે જ્યારે તમારું 'માઈન્ડ' વધુને વધુ 'ક્રિએટિવ' હોય. તેમણે પોતાના 'સેલફોન' નામનાં પુસ્તકની એક વાર્તા 'જમીન' પરથી 'જીતી લે જિંદગી' નામની ફિલ્મ કેવી રીતે લખી અને ડિરેક્ટ કરી હતી, એના આસ્વાદક અનુભવો વાગોળ્યા હતા.




સાંજે ૭થી ૧૦ દરમિયાન કવિસંમેલનમાં ગુજરાતી ભાષાના સ્વનામધન્ય સર્જકોએ ધોધમાર અને ધૂંવાધાર વરસ્યા હતા. સર્વશ્રી ભાગ્યેશ જહા, દલપત પઢિયાર, માધવ રામાનુજ, તુષાર શુક્લ, રક્ષા શુક્લ, હરદ્વાર ગોસ્વામી, પ્રતાપસિંહ ડાભી, ઉષા ઉપાધ્યાય, કૃષ્ણ દવેએ કાવ્યપાઠ કર્યો હતો. સંચાલન તેજસ દવેએ કર્યું હતું. મોટી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.દુબારાનો દરબાર સર્જાયો હતો. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ આજના કવિ સંમેલનના કાર્યક્રમમાં જણાવ્યું કે નેશનલ બુક ફેરમાં ૭ તારીખને રવિવારના રોજ 35,000 લોકોએ મુલાકાત લીધી હતી તેમજ માત્ર એક ગુજરાત સાહિત્ય અકાદમીના બુક સ્ટોલમાંથી 75,000/- હજારના પુસ્તકોનું વેચાણ થયું છે.




'પુસ્તક પરબ'માં આજે અનેક ભાવકોએ મુલાકાત લીધી હતી. કુલ ૩૧૮ પુસ્તકો આજે પ્રાપ્ત થયા હતા અને ૫૪૭ પુસ્તકો લોકો વાંચવા લઇ ગયા હતા.

સ્થળ: GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ